# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-10-2024** **Morning : 7.10 to 7.20**
**Day: WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

**1)** વિકાસ સપ્તાહની ઉજવણીનાં ભાગરૂપે ગુજરાતના 23 આઇકોનિક સ્થળોએ ‘વિકાસ પદયાત્રા’નું આયોજન કરવામાં આવશે.

**2)** ફુડ સેફ્ટી પખવાડિયામાં પ્રથમ ચાર દિવસમાં ખાદ્ય પદાર્થોના ચેકિંગની ઝૂંબેશમાં 1 કરોડ 73 લાખથી વધુનો 32 હજાર કિલો જથ્થો જપ્ત કરાયો

**3)** તહેવારોને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે 100થી વધુ ફેસ્ટિવલ સ્પેશ્યલ ટ્રેનોની 2 હજાર 315 ટ્રીપ ચલાવશે

**4)** આજે નવરાત્રીના સાતમા દિવસે મા કાલરાત્રીની આરાધના થાય છે. – પાટણનો અનોખો દોરી ગરબો આકર્ષણનું કેન્દ્ર

**5)** ગુજરાત યુનિવર્સિટી અને નેશનલ સ્કુલ ઓફ ડ્રામા વચ્ચે પીજી, યુજી અને પીએચડીનાં અભ્યાસક્રમો શરૂ કરવા જોડાણ.

**6)** રાજ્યમાં ગરમીમાં ક્રમશઃ વધારોઃ રાજકોટ, ડીસા, ભુજ, નલિયા, સુરેન્દ્રનગરમાં 38 ડિગ્રીઃ ગરમીને પગલે વીજ માંગમાં વધારો

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# Vikas Padyatra Iconic places

રાજ્યમાં ચાલી રહેલાં વિકાસ સપ્તાહની ઉજવણીનાં ભાગરૂપે ગુજરાતના 23 આઇકોનિક સ્થળોએ 'વિકાસ પદયાત્રા'નું આયોજન કરવામાં આવશે. આ સ્થળોમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી છે, અમદાવાદ રિવરફ્રન્ટ, સુરત ડાયમંડ બુર્સ, મહાત્મા મંદિર, મોઢેરા સૂર્ય મંદિર, વડનગર મોનેસ્ટરી, દ્વારકાનો સુદામા બ્રિજ, GIFT સિટી સાબરમતી રેલ્વે સ્ટેશન, શક્તિપીઠ પાવાગઢ, કચ્છનાં સ્મૃતિવન, ચારણકા સોલર પાર્કનો સમાવેશ થાય છે.

આ વિકાસ પદયાત્રામાં સહભાગીઓ 23 સ્થળોની મુલાકાત લેશે, એ સ્થળ વિશે જાણકારી મેળવશે તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ અને પ્રદર્શન પણ નિહાળશે.

---

- -ચાદી અનિલ

-(NAVIN)

# vikas saptah sapath -district

રાજ્યભરમાં ૭ થી ૧૫ ઓકટોબર દરમિયાન 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત વિવિધ જિલ્લાઓમાં સરકારી કચેરીઓ ખાતે અધિકારીઓ અને કર્મચારીઓએ ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી હતી. જુનાગઢમાં તાલુકા કક્ષાની તમામ કચેરીઓ અને પેટા કચેરીઓ ખાતે આજે ગ્રામ્ય કક્ષાએ આવતીકાલે ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવશે.

દરમ્યાન ગઇકાલે બનાસકાંઠા જિલ્લાની તમામ કચેરીઓમાં વિકાસ સપ્તાહની ઉજવણી કરાઇ અને શપથ લેવામાં આવ્યા હતા. દાહોદ કલેકટર કચેરી ખાતે વિકાસ સપ્તાહ અંતર્ગત ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. તેવી જ રીતે રાજકોટ જિલ્લામાં  કલેકટર કચેરી સહિતની વિવિધ કચેરીઓ ખાતે કર્મયોગીઓએ “એક ભારત શ્રેષ્ઠ ભારત”ના સુત્રને સાર્થક કરવાના શપથ ગ્રહણ કર્યા હતા.

---------------------------------------------------------------------

- પીટીસી બનાસકાંઠા ,દાહોદ ,ઇન્ફો-અમદાવાદ, રાજકોટ, કરણ

-(NAVIN)

# Food Safety Pakhvadia

૩ ઓક્ટોબરથી શરૂ થયેલા ફુડ સેફ્ટી પખવાડિયામાં પ્રથમ ચાર દિવસમાં ખાદ્ય પદાર્થોના ચેકિંગની ખાસ ઝૂંબેશમાં 1 કરોડ 73 લાખથી વધુનો ૩૨,000 કિલો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે,ફૂડ સેફટી પખવાડિયા દરમ્યાન વિવિધ જગ્યાએ ફૂડ સેફટી ઓન વ્હીલ્સ દ્વારા નવરાત્રી દરમ્યાન લોકોમાં જાગૃતિના કાર્યક્રમો કરવામાં આવી રહ્યાં છે. પ્રથમ ૪ દિવસ દરમિયાન ૬૭૨ એન્ફોર્સમેન્ટ નમુના અને ૧ હજાર ૬0૭ સર્વેલન્સ નમુના મળીને ૨ હજાર ૨૭૯ નમુના લેવામાં આવ્યા હતા અને ૧ હજાર ૧૭0 ઇન્સ્પેકશન કરાયા હતા.

આ દરમ્યાન દૂધ અને દૂધની બનાવટો, મીઠો માવો અને બરફી, ખાદ્ય તેલની દુકાનો સહિત 14 દરોડા પાડવામાં આવ્યા હતા.

ફૂડ સેફટી પખવાડિયામાં રાજ્યની ખોરાક અને ઔષધ નિયમન તંત્રની વિવિધ કચેરીઓ દ્વારા જાગૃતિ અને તાલીમની વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી હતી. લાયસન્સ-રજીસ્ટ્રેશનનાં કેમ્પમાં ૭00થી વધુ વેપારીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. આ ઉપરાંત પી.એમ. પોષણ કાર્યક્રમ અંતર્ગત કામ કરતા 15 હજારથી વધુ સંચાલકો ઓનલાઈન ટ્રેનિંગમાં જોડાયા હતા.

---

- માહિતી ખાતુ અનિલ

-(NAVIN)

# Diwali Special Trains

ભારતીય રેલવે આ વર્ષે 1 ઓક્ટોબરથી 30 નવેમ્બર સુધી દુર્ગા પૂજા, દિવાળી અને છઠ પૂજા દરમિયાન મુસાફરોની સુવિધા માટે 6 હજાર 556 સ્પેશિયલ ટ્રેનો ચલાવશે. આમાંથી પશ્ચિમ રેલ્વે 106 ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો સાથે 2315 ટ્રીપ ચલાવી રહી છે, જે ભારતનાં તમામ રેલવે ડિવિઝનમાં સૌથી વધુ છે.

દુર્ગા પૂજા, દિવાળી અને છઠ પૂજા માટે દર વર્ષે મોટી સંખ્યામાં લોકો ઉત્તર પ્રદેશ અને બિહારથી અવરજવર કરતા હોય છે. આ ગાળામાં મુસાફરોના ભારે ધસારાને કારણે મોટા ભાગની ટ્રેનોની ટિકિટો બે-ત્રણ મહિના અગાઉથી વેઇટિંગ લિસ્ટમાં આવી જાય છે. ગયા વર્ષે, ભારતીય રેલ્વેએ કુલ 4 હજાર 429 ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો દોડાવી હતી.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકે એક યાદીમાં જણાવ્યું છે કે, આ વિશેષ ટ્રેનો ઉત્તર પ્રદેશ, બિહાર, ઉત્તર ભારત, પશ્ચિમ બંગાળ, ઉત્તર-પૂર્વનાં સ્ટેશનો માટે ચલાવવામાં આવી રહી છે. મુસાફરોની વિશાળ માંગને પહોંચી વળવા માટે, સુરત/ઉધના, વાપી, વલસાડથી 14 જોડી સ્પેશિયલ ટ્રેનો ચલાવવામાં આવી રહી છે, જ્યારે 21 જોડી ટ્રેનો સુરત/ઉધના અથવા ભેસ્તાનમાંથી પસાર થઈ રહી છે. તેવી જ રીતે વાપી, વલસાડ, વડોદરા, અમદાવાદ, સાબરમતી, હાપા, ઓખા, રાજકોટ, ભાવનગર ટર્મિનસથી પણ વિશેષ ટ્રેનો ચલાવવામાં આવી રહી છે.

---------------------------------------------------------------------

- અખબારી યાદી અનિલ

-(NAVIN)

# Okha-Bhagat ki kothi train

પશ્ચિમ રેલ્વે ઓખા-ભગત કી કોઠી વચ્ચે વિશેષ ભાડા પર સાપ્તાહિક ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન ચલાવશે. આ ટ્રેન 12 ઓક્ટોબર 2024 થી 16 નવેમ્બર 2024 સુધી ચાલશે. આ  ટ્રેન ઓખાથી દર રવિવારે સવારે 08.20 કલાકે ઉપડશે અને બીજા દિવસે વહેલી સવારે 03.00 કલાકે ભગત કી કોઠી પહોંચશે. એ જ રીતે વળતામાં ભગત કી કોઠીથી દર શનિવારે સવારે 10.30 કલાકે ઉપડશે અને બીજા દિવસે સવારે 04.40 કલાકે ઓખા પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં દ્વારકા, ખંભાળિયા, જામનગર, હાપા, રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, પાટણ, ભીલડી, ધાનેરા, રાણીવાડા, મારવાડ ભીનમાલ, મોડરાન, જાલોર, મોકલસર, સમદડી, દુંદાડા અને લુણી સ્ટેશને ઉભી રહેશે. આ ટ્રેનનું બુકિંગ 9 ઓક્ટોબરથી શરૂ થશે.

---

- રેલવે યાદી. અનિલ

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# GANDHINAGAR GUJARAT RUSSIA MoU

ગુજરાત અને રશિયાના સાંસ્કૃતિક વારસાનું સરળતાથી આદાનપ્રદાન કરવા માટે ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદ અને રશિયા વચ્ચે સમજૂતી કરાર થયા છે.

આ અંગે ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદ પ્રમુખ પરેશકુમાર દેસાઈએ આ મુજબ જણાવ્યું...

(બાઈટ-: પરેશ કુમાર બી દેસાઈ, પ્રમુખ , ગુજરાત પ્રદેશ પચાયત પરિષદ ગાંધીનગર)

--------------------------------------------------------------------

- (PTC – GANDHINAGAR- PRAVESH)

-(NAVIN)

# Navratri SEVEN DAYS

આજે નવલાં નોરતાના સાતમા દિવસ મા કાલરાત્રિની આરાધના થાય છે. મા નું આ સ્વરૂપ કષ્ટોનો વિનાશ કરે છે. મા કાલરાત્રિના સ્મરણ માત્રથી દાનવ, દૈત્ય, રાક્ષસ, ભૂત-પ્રેત આદિનો નાશ થાય છે. તેમજ ગ્રહ બાધા પણ દૂર થાય છે.

ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગઈકાલે રાજકોટ ખાતે વિવિધ ગરબા મહોત્સવમાં ભાગ લીધો હતો.

---------------------------------------------------------------------

- આર્કાઈવ્ઝ –પીટીસી, ગાંધીનગર, -(NAVIN)

# PRACHIN GARBA - DISTRICT

પ્રાચીન પાટણ નગરમાં ગુર્જરવાડા મહોલ્લાનો અનોખો દોરી ગરબો આજે પણ આકર્ષણનું કેન્દ્ર છે. પાટણના અમારા પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે, આ દોરી ગરબાની વિશેષતા એ છે કે, ગરબો રમાય ત્યાં સુધીમાં દોરી છેક નીચે સુધી ગૂંથવામાં આવે છે. આ ગૂંથણી છોડવા માટે પણ ગરબો રમવો પડે છે. સમગ્ર રાજ્યમાં ક્યાંક જ જોવા મળતો દોરી ગરબાની વર્ષો જૂની પરંપરા આજે પણ પાટણમાં જળવાઈ રહી છે. અહીં યુવાનો અને બાળકો દેશી ઢબના તબલાં અને મંજીરાનાં તાલે ગરબાની રંગત જમાવે છે.

પોરબંદર જિલ્લામાં પણ મહેર જ્ઞાતિના શૌર્ય, શૂરવીરતા અને સાહસના પ્રતિક સમા મણિયારા રાસનું દર વર્ષે આયોજન થાય છે. દરમિયાન પુરૂષો અને સ્ત્રીઓ પરંપરાગત પહેરવેશમાં રાસ રમવા આવે છે.

--------------------

PTC- PATAN, PORBANDAR, PRAVESH ADIACHA, SONAL

# Gujarat Uni-NSD Affiliation

ગુજરાત યુનિવર્સિટી અને દિલ્હી સ્થિત સુપ્રસિધ્ધ નાટ્યસંસ્થા નેશનલ સ્કુલ ઓફ ડ્રામા વચ્ચે પીજી, યુજી અને પીએચડીનાં અભ્યાસક્રમો શરૂ માટે જોડાણ કરવામાં આવ્યું છે.

આ જોડાણ અંતર્ગત ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને એનએસડીમાં તાલીમનો લાભ મળશે અને એનએસડીના વિદ્યાર્થીઓ પણ ગુજરાત યુનિવર્સિટીમાં આવશે. ભવિષ્યમાં ગુજરાત યુનિવર્સિટી એનએસડીનાં શરૂ થનારા પીએચડી પ્રોગ્રામમાં વિદ્યાર્થીઓને ડિગ્રી આપશે.

ગુજરાત યુનિવર્સિટીનાં ડ્રામા અને પર્ફોર્મિંગ આર્ટ્સના પીએચડી અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને એનએસડીના નિષ્ણાતો દ્વારા તાલીમ આપવામાં આવશે.

---

- --ડેસ્ક અનિલ

-(NAVIN)

# Weather and Power demand

ચોમાસાની વિદાય સાથે રાજ્યમાં ગરમીમાં ક્રમશઃ વધારો થઈ રહ્યો છે. ગઈ કાલે અમદાવાદનું સરેરાશ મહત્તમ તાપમાન 37 ડિગ્રીને પાર થયું હતું. આગામી ત્રણ દિવસમાં તે 39 ડિગ્રીએ પહોંચવાની સંભાવના છે. અમદાવાદમાં મહત્તમ તાપમાન છેલ્લાં ચાર દિવસમાં ચાર  ડિગ્રી વધ્યું છે.

ગઈ કાલે રાજકોટ, ડીસા, ભુજ, નલિયા, સુરેન્દ્રનગરમાં 38 ડિગ્રી, રાજકોટ, વલ્લભ વિદ્યાનગર, વડોદરા, સુરતમાં 37 ડિગ્રી અને વડોદરા, ભાવનગરમાં 36 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી એક સપ્તાહ ગરમીથી રાહત મળવાની સંભાવના નહીંવત છે.

દરમિયાન, ગરમી વધવાથી વીજ વપરાશમાં પણ વધારો જોવા મળ્યો છે. રાજ્યમાં વીજળીની મહત્તમ માંગ પીક અવર્સમાં 21 હજાર 300 મેગાવોટ રહી હતી, જેમાંથી અંદાજે છ હજાર મેગાવોટ વીજ વપરાશ કૃષિનાં ફીડર પર થઈ રહ્યો છે. સોમવારે કૃષિ વપરાશ છ કરોડ યુનિટ નોંધાયો હતો. ગરમી વધવાથી સોલર એકમોમાં 5500 મેગાવોટથી વધુ વીજ ઉત્પાદન થયું છે.

----------------------------------------------------------------------

- -હવામાન વિભાગ યાદી, ડેસ્ક અનિલ

-(NAVIN)

# vadodara -5 acused rimand

વડોદરાની અદાલતે સામૂહિક દુષ્કર્મના કેસમાં 5 આરોપીઓના 2 દિવસના પોલીસ રિમાન્ડ મંજુર કર્યા છે. આ પાચેય આરોપીઓને ગઈકાલે પીડિતા સમક્ષ હાજર કરી ઓળખ કરાવવામાં આવી હતી. ત્યારબાદ અદાલતમાં હાજર કરાતા તેઓના 10મી ઓક્ટોબર સુધી ના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા.

અમારા પ્રતિનિધિ જણાવે છે કે ભાયલીમા ગત શુક્રવારે 16 વર્ષીય સગીરા પર સામુહિક દુષ્કર્મનો ગુનો નોંધાયો હતો. વડોદરા ક્રાઇમ બ્રાન્ચે 48 કલાકમાં પાંચ લોકોને ઝડપી પાડયા હતા.

---------------------------------------------------------------------

- પીટીસી વડોદરા કરણ

-(NAVIN)

# HC NEW JUDGES

ગુજરાત વડી અદાલતમાં ત્રણ નવા ન્યાયાધીશોની નિમણૂંક કરવામાં આવી છે. સંજીવ જયેન્દ્ર ઠાકર, દીપ્તેન્દ્ર નારાયણ રે અને મૌલિક જિતેન્દ્ર શેલતની રાષ્ટ્રપતિએ ગુજરાત વડી અદાલતમાં ન્યાયાધિશ તરીકે નિમણૂંક કરતું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે.. નવી નિમણૂંક પામેલા ત્રણે ન્યાયાધીશ અત્યાર સુધી ધારાશાસ્ત્રી તરીકેની કામગીરી બજાવતા હતા.

રાષ્ટ્રપતિએ સર્વોચ્ચ અદાલતના ન્યાયામૂર્તિ સાથે પરામર્શ કર્યા બાદ આ જાહેરનામું પ્રસિદ્ધ કર્યું હતું.

. . . . . . . . . . . . .

PIB, HARSHAL PANDYA, SONAL

# NATIONAL PARK

ભાવનગરનું કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન આગામી ૧૬મી તારીખથી મુલાકાતીઓ ખુલ્લુ મુકાશે. મુલાકાતીઓ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી આ રાષ્ટ્રીય ઉદ્યાનની મુલાકાત લઈ શકશે. પ્રવાસીઓના રાત્રી રોકાણ માટે ઈકો-ટુરીઝમ ડેવલપમેન્ટ કમિટી, વેળાવદર વ્યવસ્થા કરવામાં આવી છે.

અમારા ભાવનગરના પ્રતિનિધિ જણાવે છે કે મુક્ત રીતે વિહરતા કાળીયારો ઉપરાંત વરૂ અને ખડમોર જેવા વન્યજીવોનું આ ઉધયનમાં સંરક્ષણ કરવામાં આવે છે. ખાસ કરીને ઓકટોબરથી ફેબ્રુઆરી મહિના સુધી યાયાવર પક્ષીઓ અને રાત્રિ દરમ્યાન હેરીયર કુળના પક્ષીઓ અહી જોવા મળે છે .

---

- પીટીસી ભાવનગર ,કરણ

-(NAVIN)